# Lions International

District 3232 B3 | 2025-26

JULY-AUG. 2025 Circular 2


सर्व मङ्गल.

# PATH TO CONNECT

**HIREN MEWADA**
District Governor

**HEMENDRA SHAH**
Cabinet Secretary



## District Governor's Message:

### "પ્રાથમિકતાઓ અને અપેક્ષાઓ"

પ્રિય લાયન્સ મિત્રો,

"સર્વ મંગલ" ના મંત્રથી પ્રેરિત આપણા 2025–26 ના વર્ષમાં , મારી કેટલીક સ્પષ્ટ પ્રાથમિકતાઓ અને અપેક્ષાઓ છે, જે દરેક સભ્ય અને ઓફિસર માટે માર્ગદર્શક બનશેઃ

1. **Membership Growth & New Clubs** : દરેક ક્લબ ઓછામાં ઓછા +5 સભ્ય વૃદ્ધિ નો લક્ષ્ય રાખે, યુવા, મહિલા તથા પ્રોફેશનલ સભ્યોને જોડવા પર ખાસ ભાર.નવી ક્લબોની રચના દ્વારા Mission 1.5 ને District સ્તરે સફળ બનાવવી.

2. **Service Projects – Core Focus TB Awareness & Nutrition Kits Distribution** : દરેક ક્લબ આ અભિયાનમાં જોડાય. તમામ રિપોર્ટ AMC Portal પર અપલોડ કરવો ફરજિયાત છે. Diabetes, Hunger Relief, Civic Amenities, Environment, Skill Development જેવા ક્ષેત્રોમાં નિયમિત સેવા પ્રવૃત્તિઓ.

3. **Lions Quest – Youth & Education Lions Quest Week** : 26th August to 1st September, દરેક ક્લબ ખાસ ઉજવણી કરે. Teacher's Training Workshops આયોજન કરી શિક્ષકોને સક્ષમ બનાવો.શાળાઓમાં Lions Quest Centres શરૂ કરી યુવાનોમાં મૂલ્ય શિક્ષણ અને Life Skills વિકાસ કરો.

4. **Leadership Development** દરેક ક્લબમાં નવા નેતાઓને તક આપવી. DLLI, CLLI, GAT Training Programs, Club Orientation માં સક્રિય ભાગ લેવો.Zone & Region Officers દ્વારા ક્લબોને માર્ગદર્શન સુનિશ્ચિત કરવું.

5. **Public Image & Visibility** દરેક સેવા પ્રવૃત્તિનો પ્રચાર–પ્રસાર Print & Social Media ( District web site) પર ફરજિયાત છે.Lions બ્રાન્ડને સમાજમાં વધુ પ્રભાવશાળી બનાવવા દરેક સભ્યનું યોગદાન જરૂરી છે.

6. **GAT Brainstorming Conclave & LCIF Banquet :**
7th September 2025 | Pride Plaza, Ahmedabadઆ કાર્યક્રમમાં દરેક Club President અને Club GAT Team (GMT, GST, GLT, GET) ની હાજરી જરૂરી છે.દરેક ક્લબ માટે પ્રતિ સભ્ય રૂ. 100/- નું LCIF યોગદાન ફરજિયાત છે . Ex. 50 Members x 100/- Rs .= 5000/- Cheque . આ વર્ષે વધુમાં વધુ નવા MJF / PMJF recognitions આપના ક્લબમાંથી District ને મળવી એ મારી મોટી અપેક્ષા છે. Membership, Service, Leadership & LCIF વિષે વિચારવિમર્શ અને પ્રતિબદ્ધતા દ્વારા District નું ભવિષ્ય ઘડાશે.

7. **Discipline & Accountability Club Meetings** સમયસર યોજવી.District Events માં 100% હાજરી.દરેક Officer પોતાની જવાબદારી પ્રામાણિકતાથી નિભાવે – એ મારી મુખ્ય અપેક્ષા છે.

**મિત્રો, યાદ રાખોઃ** "Service with discipline, record with transparency and impact with visibility - એ જ આપણું સાચું સર્વ મંગલ છે."

સહકાર માટે વિશ્વાસ સાથે,
**હિરેન મેવાડા**
**ડિસ્ટ્રિક્ટ ગવર્નર**

## Cabinet Secretary Message:

વ્હાલા લાયન મિત્રો, કેબિનેટ ઓફિસર્સ, પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને ખજાનચી શ્રી,

પ્રણામ!

લાયોનિઝમ ના સર્વમંગલ ના મંગલમય વર્ષ 2025-26માં પાથ ટુ કનેક્ટ ના માધ્યમ થી આપ સર્વેને મળવાનો અનેરો આનંદ છે.

આપ સર્વે ક્લબ પ્રમુખ શ્રી, સેક્રેટરીશ્રી, કેબિનેટ મિત્રો... સર્વે વર્ષની શરૂઆતથી જ આપણા વિચક્ષણ અને ઉત્સાહી ગવર્નરે આપેલા ગોલ અને લક્ષયાંકો પુરા કરવા કટિબદ્ધતાથી આગળ વધી રહ્યા છો. આપ સર્વેને લીડરશિપ દ્વારા આપવામાં આવેલ દરેક પ્રોજેક્ટમાં તન-મન-ધન થી સમર્પિત થયેલ છો. તેનો અમને ખુબ આનંદ છે.

"સર્વમંગલ" વર્ષ ના શરૂઆતના મંગલમય દિવસો સેવાકીય કાર્યોની વણઝાર દ્વારા સુંદર રીતે પસાર થઈ રહયા છે. આપણા ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી હિરેનભાઈ મેવાડા એ આપણા વર્ષની શરૂઆત થી જ જે ઉર્જા અંબાજી થી આપી છે તે ખરેખર સાર્થક થઈ રહી છે. ગવર્નર શ્રી નું માર્ગદર્શન તથા તેમની ટીમ દ્વારા આપવામાં આવતો સહકાર દ્વારા એક સુંદર સેવાકીય વર્ષમાં પગરવ માંડી રહ્યા છો. તેનો એહસાસ થાય છે. આવો મિત્રો સૌ સાથે મળી હવે પછી ના લક્ષયાંકો, ગોલ અને ઇન્ટરનેશનલ દ્વારા આપવામાં આવેલ કર્તવ્યોને પરિપૂર્ણ કરવા કટિબદ્ધ થઈએ.

"સવારમાં ધારેલું કામ જો સાંજ સુધી માં તમે પૂરું કરી શકો છો, તો તમને સફળ થવાથી દુનિયાની કોઈપણ તાકાત રોકી નહિ શકે." પૂરું પાડીએ. તેના માટે સતત જાગૃત અને પ્રયત્નશીલ રહીએ.

**ઉષ્મિતા શાહ**
D.C. Administration

**હેમેન્દ્ર શાહ**
Cabinet Secretary



Childhood Cancer | Diabetes | Environment | Hunger | Vision | Youth | Lions Quest | Blood Donation | Aatma Nirbhar | Road Safety | Peace Poster

सर्व मङ्गल.

## વીતી ગયેલ અનેરી ક્ષણો ની ઝાંખી...

**1 જુલાઈ 2025 - પ્રથમ દિવસ :**

શુભ શરૂઆત સુંદરકાંડ દ્વારા, હનુમાનજી દાદાના આશીર્વાદ લઇ આપણા સન્માનનીય ડિસ્ટ્રિક્ટ ગવર્નર હિરેન મેવાડા એ પોતાની ટીમ સાથે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર મહેન્દ્રભાઇ અને પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર નરેન્દ્રભાઇ ના આશીર્વાદ લઇ કરી.

**9 જુલાઈ 2025 : બોન વોયેજ સેલિબ્રેશન**

ગવર્નરશ્રી ની હોમ ક્લબ દિગ્વિજયનગર દ્વારા ક્લબના ગૌરવ મય સેવા પ્રોજેક્ટ દિગ્વિજયનગર ફાઉન્ડેશન ઉપર સંગીતમય વાતાવરણમાં ક્લબ, ડિસ્ટ્રિક્ટ તથા કેબિનેટ મિત્રોની હાજરીમાં ભવ્ય રીતે કરવામાં આવ્યું.

**11 જુલાઈ 2025 : ઓર્લેન્ડો જવા ડિસ્ટ્રિક્ટ ગવર્નરે પ્રયાણ કર્યું**

જયાં ઇન્ટરનેશનલ કન્વેશન માં બે ક્લબ ખોલવા માટે ઇન્ટરનેશનલ પ્રેસિડેન્ટ ફેબ્રીસીઓ ના હાથે સન્માન થયું. તેમજ આ વર્ષે 10 ક્લબ નવી શરુ કરવા માટે ઇન્ટરનેશનલ પ્રેસિડેન્ટ એ. પી. સિંગ ના હાથે સન્માન કરવામાં આવ્યું જે ગૌરવ ની વાત છે.

**18 જુલાઈ 2025 : ગવર્નરશ્રી શપથ ગ્રહણ કરી અમદાવાદ પરત આવ્યા...**

જ્યા એરપોર્ટ પર કેબિનેટ મિત્રો, ક્લબ મિત્રો તથા પરિવારના સભ્યોએ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહી ઉમળકાભેર સ્વાગત કર્યું, ત્યારબાદ હિરેનભાઇ ના ઘરે તેમનો ભવ્ય સ્વાગત સમારોહ રાખવામાં આવ્યો જેમાં પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી મહેન્દ્રભાઇ એ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા.

**26 જુલાઈ 2025 : ફર્સ્ટ કેબિનેટ મિટિંગ નું આયોજન ફોર્ચ્યુન પાર્ક** હોટેલ, એલિસબ્રિજ ખાતે કરવામાં આવ્યું જેમાં ક્લબ પ્રેસિડેન્ટ ને પણ આમંત્રણ આપવામાં આવ્યું. જેમાં 125 થી વધારે કેબિનેટ તથા ક્લબ પ્રેસિડેન્ટ તથા સ્પાઉસ ઉપસ્થિત રહયા. ખુબ સુંદર-સ્વાદિષ્ટ ભોજન દ્વારા મિટિંગ ની પૂર્ણાહુતિ કરવામાં આવી.

**2 ઓગસ્ટ 2025 : ડિસ્ટ્રિક્ટ કેબિનેટ ઇન્સ્ટોલેશન**

નારાયણી હાઇટ્સ ખાતે ભવ્ય રીતે કરવામાં આવ્યું, નવા જોમ, નવા ઉત્સાહ, નવા વિચારો સાથે આ વર્ષે ઇન્સ્ટોલેશન નવીન રીતે માણવા મળ્યું. જેમાં કલચરલ પ્રોગ્રામ ચેરમેન મુકેશભાઇ પટેલ દ્વારા ખુબ સુંદર કલચરલ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું.

ઇન્સ્ટોલેશન ઓફિસર સન્માનનીય હરેન્દ્રભૈએ શુક્લ ના નેતૃત્વમાં ડિસ્ટ્રિક્ટ ચરેમેન ઇન્સ્ટોલેશન સરેમની બાબુલાલ અગ્રવાલ ની ટીમ દ્વારા ગવર્નર હિરેનભાઇ ની લીડરશિપ તથા માર્ગદર્શન થી ઇન્સ્ટોલેશન ગરિમાયુક્ત અને અવિસ્મરણીય રહ્યું.

જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નિરવ ખૂંટ(પુષ્પ ગ્રુપ) ઉપસ્થિત રહયા અને સભાને સંબોધન કર્યું. ડો. અમરીશ મહેતા એ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને વાસ્તુ શાસ્ત્ર અને ન્યુમરોલોજી ની વાતોથી સભાને મંત્રમુગ્ધ કરી દીધી.

આ સભાનું ડેકોરેશન જાણે ઇન્ટરનેશનલ કન્વેશન માણતા હોઇએ તેવું કરાવતું હતું. જાણે યજ્ઞમાં સર્વમંગલ દ્વારા અનુષ્ઠાન રૂપી આહુતિ સમર્પિત થતી હોય તેવો માહોલ જામ્યો હતો. અદભુત ! અવિસ્મરણીય !

**15 ઓગષ્ટ 2025 :**

શહિદ દિન ની ઉજવણી શાહીબાગ શહિદ સ્મારક ખાતે કરવામાં આવી.ધ્વજવંદન નો કાર્યક્રમ ગવર્નરશ્રી ની હોમ ક્લબના ગરિમામય પ્રોજેકટ દિગ્વિજય લાયન્સ ફાઉન્ડેશન ખાતે ચેરમેન રાજેન્દ્ર લાલવાણી અને પ્રમુખ વિપુલભાઇ ની ટીમ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં ક્લબ મિત્રો, કેબિનેટ મિત્રો અને બીજી ક્લબોના પ્રમુખ શ્રીઓ હાજર રહયા હતા. આપણા મલ્ટીપ્લ ચેરમેન સુનિલભાઇ ગુગલીયા ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહી પ્રસંગને ગૌરવમય બનાવ્યો.

## સેક્રેટરી ડેસ્ક :

**નવ નિયુક્ત પ્રમુખશ્રી એ વર્ષ ની શરૂઆત પહેલા કરવાની કાર્યવાહી...**

1. લાયન પોર્ટલ પર જઇને ઓનલાઇન ફોર્મ ભરવું.
2. સ્કૂલિંગ માં આપેલ મેયુઅલ વાંચી વર્ષ દરમ્યાન કરવાના કાર્યોના ગોલ અને લક્ષ્યાંક નક્કી કરવા
3. ઉપરોક્ત વિષયો અંગેની જરૂરી માહિતી માટે નીચેના કેબિનેટ ઓફિસર્સ નો સંપર્ક કરવો.

**Cab. Secretary | Hemendra Shah | M.: 98982 86200**
**D.C. IT Cell | Sonal Shah | M.: 6355 556 443**
**P.R.O | Chandrakant Dalal | M.: 92278 17123**
**Protocol Officer | Umesh Kotia | M.: 98240 31778**

## ટ્રેઝરર ડેસ્ક :

- ક્લબ ટ્રેઝરરે નવા વર્ષ ની ફીના બિલો મેમ્બર્સ ને મોકલી આપવા ડિસ્ટ્રિક્ટ ડ્યુસ અને ઇન્ટરનેશનલ ડ્યુસ 31/08/2025 પહેલા ભરી દેવા.
- ડિસ્ટ્રિક્ટ સેકન્ડ કેબિનેટ મિટિંગ અને પ્રેસિડેન્ટ બેક્વેટ જે કેસરબાગ પેલેસ ચિત્તોડગઢ ખાતે આયોજિત કરેલ છે તેનું રજીસ્ટ્રેશન ચાર્જ કેબિનેટ ઓફિસર્સ માટે રૂપિયા 12,000/- વ્યક્તિદીઠ તથા પ્રેસિડેન્ટ માટે રૂપિયા 10,000/- વ્યક્તિદીઠ છે તો તમામ પ્રમુખશ્રીઓ તથા કેબિનેટ અધિકારીશ્રીઓએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લેવું.
- ક્લબ ના બેંક એકાઉન્ટ, ઓડિટ રિપોર્ટ વ્યવસ્થિત રીતે તૈયાર કરવા.

## SUNDERKAND AT LIONS HUB




## BON VOYAGE AT LIONS DIGVIJAY FOUNDATION




## FIRST DISTRICT CABINET MEETING








## INTERNATIONAL CONVENTION ORLANDO







## RETURN DG HIRENBHAI AT AHMEDABAD






## LEO SCHOOLING AT LIONS HUB






## 15TH AUGUST CELEBRATION






सर्व मङ्गल.

# District Cabinet Installation Ceremony






























## Up Coming Events :

**25 ઓગષ્ટ અને 26 ઓગષ્ટ 2025 :** લાયન્સ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા (હૈદરાબાદ) ખાતે મિટિંગમાં હાજરી આપવા ગવર્નરશ્રી હિરેનભાઇ મેવાડા જશે.

**29 ઓગષ્ટ અને 30 ઓગષ્ટ 2025 :** ફર્સ્ટ મલ્ટીપ્લે કાઉન્સીલ મિટિંગ અમદાવાદ ખાતે યોજાશે. જે લીડરશિપ મિટિંગ છે. જેમાં ઇન્ટરનૅશનલ સેકન્ડ વાઇસ પ્રેસિડેન્ટ મનોજ શાહ ઉપસ્થિત રહેશે.

**30 ઓગષ્ટ 2025 :** ઓક્સિજન પાર્ક નું ઉદ્ઘાટન આપણા ઇન્ટરનૅશનલ સેકન્ડ વાઇસ પ્રેસિડેન્ટ મનોજ શાહ કરશે. આ ઓક્સિજન પાર્ક લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સિટી, અમદાવાદ મેટ્રો અને ગાંધીનગર મેટ્રો દ્વારા બનાવવામાં આવેલ છે. જેમાં મુકેશભાઇ પટેલ તથા બીનાબેન પટેલ નું ખુબ મહત્વનું યોગદાન તથા પ્રેરણા રહેલ છે.

**30 ઓગષ્ટ 2025 :**પાસ્ટ પ્રેસિડેન્ટ ઓપન ફોરમ નું આયોજન હોટેલ ગ્રાન્ડ ભગવતી ખાતે પીડીજી વિનોદભાઇ પટેલ ના ચેરમેન પડે યોજાશે.

### સપ્ટેમ્બર માસની ઈવેન્ટ :

**1 સપ્ટેમ્બર થી 7 સપ્ટેમ્બર :** રિજિયન સ્ટાફ મિટિંગ

**5 સપ્ટેમ્બર 2025 :** ડિસ્ટ્રિક્ટ ગવર્નર દ્વારા અંબાજી પદયાત્રી કેમ્પ ની વિઝીટ

**7 સપ્ટેમ્બર 2025 :** GAT Brainstorming Conclave & LCIF Banquet(MJF/RMF)

**27 સપ્ટેમ્બર 2025 :** ડિસ્ટ્રિક્ટ નવરાત્રી ગરબા

### ઓક્ટોબર માસની ઈવેન્ટ :

**1 ઓક્ટોબર થી 12 ઓક્ટોબર** - સેકન્ડ ઝોન એડવાઈઝરી મિટિંગ

**3-4-5 ઓક્ટોબર 2025** - સેકન્ડ કેબિનેટ મિટિંગ અને પ્રેસિડેન્ટ બેંક્વેટ - કેસરબાગ પેલેસ ચિત્તોડગઢ ખાતે

**13થી 17 ઓક્ટોબર :** સર્વિસ વિક સેલિબ્રેશન - લાયન્સ ઇન્ટરનૅશનલ એક્ઝિક્યુટિવ કમિટી બોર્ડ મિટિંગ







**ISAME 2025 Ahmedabad**
**15 to 19 December**
ISAME Registration now at Rs.. 22,500 • Till June 2025
(Charges will increase from July)

सर्वं मङ्गल.